# આઇનોક્સ વિન્ડના IPOમાં લગભગ ૧૦ ગણું સબસ્ક્રિપ્શન આવ્યું

આઈનોક્સ વિન્ડ કંપનીની ઈનિશ્યલ પબ્લિક ઑફર (IPO)માં લગભગ દસ ગણું ભરાણું ભરાઈ ગયું છે. શુક્રવારે છેલ્લા દિવસે બપોર સુધીમાં આટલું સબસ્ક્રિપ્શન આવી ગયું હતું.

નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પરના આંકડા મુજબ ૭૦૦ કરોડથી વધુના IPO માટે ૨,૩૨,૦૧,૧૨૧ શૅરની ઑફર સામે ૨૨,૯૦,૩૧,૫૦૫ શૅર માટે અરજીઓ આવી હતી.

કંપનીએ ૩૦૬ કરોડ રૂપિયા મૂલ્યના શૅર ઍન્કર ઈન્વેસ્ટર્સને ફાળવ્યા હોવાથી ઈશ્યુનું કુલ કદ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ થાય છે.

પ્રાથમિક આંકડાઓ મુજબ રીટેલ રોકાણકારો માટેના હિસ્સામાં ૧.૬ ગણું સબસ્ક્રિપ્શન આવ્યું હતું, જ્યારે ક્વૉલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સનું ભરણું ૧૧.૯૮ ગણું ભરાયું હતું.

આ ઈશ્યુમાં પ્રાઈસ બૅન્ડ ૩૧૫થી ૩૨૫ રૂપિયા પ્રતિ શૅર હતો.